# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩ તા.૧૦-૦૪-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ૧. શાળાઓનો સમય સવારપાળીનો કરવા બાબત.
૨. પરીક્ષાના પરિણામની તારીખ જાહેર કરવા બાબત.
૩. ધો.૧ થી ૫ના વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય બાબત

સંદર્ભ :- આરોગ્ય વિભાગ, અ.મ્યુ.કો. ઈ.નં.૩૦૬૯ તા.૨૭-૦૨-૨૦૨૩.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,

૧. અ.મ્યુ.કો.ના આરોગ્ય વિભાગની મળેલ સુચના અનુસાર ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ હસ્તકની બપોરપાળીની શાળાઓનો સમય તા.૧૧-૦૪-૨૦૨૩ થી તા.૨૯-૦૪-૨૦૨૩ સુધી સવારપાળીનો કરવા જણાવવામાં આવે છે. દરેક શાળાએ બાળકોની બેઠક વ્યવસ્થા માટે તમારા ઝોનના સુપરવાઈઝરની પરામર્શન અનુસાર વ્યવસ્થા ગોઠવવાની રહેશે. બાળકોના વાલી, એસએમસીના સભ્યોને આ અંગે આગોતરી જાણ કરવાની રહેશે.

૨. પરિપત્ર નં.૧૨૬ તા.૦૭-૦૩-૨૦૨૩ અનુસાર પરીક્ષાનું આયોજન સુચારૂ રૂપે કરવામાં આવી રહયું છે. સદરહુ પરીક્ષાની ઉત્તરવહીની ચકાસણી પરીક્ષા પૂર્ણ થયાને દિન-૩માં પૂર્ણ કરી પરીક્ષાનું પરિણામ એસ.એસ.એ.ના પોર્ટલ પર ઓનલાઈન કરવા જણાવવામાં આવે છે. વાર્ષિક પરિણામ તા.૨૯ એપ્રિલના રોજ તમામ વિદ્યાર્થીઓને લેખિતમાં આપવાનું રહેશે. દરેક શાળાએ પરિણામ બનાવતી વખતે સતત સર્વગ્રાહી મૂલ્યાંકનના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૩. આજ રોજ તા.૧૦ એપ્રિલ,૨૦૨૩ થી ધો.૩ થી ૫ની પરીક્ષા પૂર્ણ થયેલ છે. ધો.૫ના વિદ્યાર્થીઓને કોમન એન્ટ્રન્સ ટેસ્ટની તૈયારી માટે તેમજ ધો.૧ થી ૪ના વિદ્યાર્થીઓને એફએલએન અને ચાલુ ધોરણના ઉપચારાત્મક શિક્ષણ કાર્ય માટે વેકેશન ન પડે ત્યાં સુધી વિદ્યાર્થીઓને બોલાવી નિયમિત પણે શિક્ષણકાર્ય કરવાની સૂચના આપવામાં આવે છે.

બિડાણઃ- સંદર્ભિત પત્ર નં.૧

તા. ૧૦-૦૪-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :-**

**પરિપત્ર નં.૨-એ તા.૦૬-૦૪-૨૦૨૩ માં જણાવ્યા મુજબના જરૂરી પત્રકો મુખ્ય શિક્ષક દ્વારા નહી પરંતુ દરેક ઝોનના મદદનીશ શાસનાધિકારીએ ઝોન દીઠ આપેલ કોષ્ટક મુજબની સંખ્યા સાથે પત્રકો મેળવી લેવા માટેનું આયોજન કરવું તેમજ આ માટે મુખ્ય શિક્ષકોએ આવવું નહી.**

**તા. ૧૦-૦૪-૨૦૨૩**

**ડૉ. એલ. ડી. દેસાઈ**
**શાસનાધિકારી**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન, (આરોગ્ય વિભાગ)
સરદાર પટેલ ભવન, બીજો માળ, નવું બિલ્ડીંગ, દાણાપીઠ, ખમાસા, અમદાવાદ.
(ટે.નં. ૦૭૯-૨૫૩૯૧૮૧૧)email : mohahmedabad@ahmedabadcity.gov.in

आज़ादी का अमृत महोत्सव

તા. ૨૪.૨.૨૦૨૩

દક્ષિણ ઝોન - હેલ્થ
ઈ.નં. 3069
આ.નં.
તા. 27/2/23

ADD M.O.H. OFFI
No. 4726/1
Date 02/03/23

પ્રતિ,
શાસનાધિકારીશ્રી,(સ્કુલ બોર્ડ)
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા IIPH ગાંધીનગર, NRDC અમેરીકા અને IMD અમદાવાદના સહયોગ થી અમદાવાદ હીટ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવેલ છે. હાલમાં ગરમીની સિઝન દરમ્યાન શહેરના નાગરીકોને ગરમીથી રક્ષણ મળી રહે અને લોકોના સ્વાસ્થ્ય પર કોઈ આડ અસર ન થાય તે માટે હીટ સ્ટ્રોક (લૂ) અંગે લોકોમાં અવેરનેશ કેળવાય તે માટે તમામ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે. માન.મ્યુનિ.કમિશનરશ્રીની અઠવાડીક રીવ્યું મીટીંગમાં મળેલ સુચના મુજબ યલો એલર્ટ, ઓરેન્જ એલર્ટ, રેડ એલર્ટ દરમ્યાન સંબંધિત વિભાગ દ્વારા જરુરી કાર્યવાહી કરવાની થાય છે. જે જાણમાં લઈ આપના વિભાગ દ્વારા નીચે જણાવ્યા મુજબની યલો એલર્ટ, ઓરેન્જ એલર્ટ, રેડ એલર્ટ દરમ્યાન જરુરી કાર્યવાહી કરવાની રહેશે.

- **<u>યેલો એલર્ટ, ઓરેન્જ એલર્ટ અને રેડ એલર્ટ</u>**
-

➢ જ્યારે તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ થાય ત્યારે બપોરની શાળાઓને સવારની પાળીમાં કરવા માટે શક્યતા ચકાસવી, અને તેને આનુસાંગિક કાર્યવાહી કરવી.
➢ તમામ શાળાઓમાં બાળકો અને સ્ટાફ માટે પીવાના પાણીની પુરતી વ્યવસ્થા હોય તે સુનિશ્ચિત કરવું.
➢ ગરમીથી બચવા માટેના ઉપાયો બાળકોના પરિવાર સુધી પણ પહોંચે તે માટે પ્રયત્નો કરવા.

ડે. હેલ્થ ઓફિસર(દક્ષિણ ઝોન)

૨.૩.૨૩
એડીશનલ મેડીકલ ઓફિસર ઑફ હેલ્થ

ડે.મ્યુનિ.કમિશનર(હેલ્થ)